નં.જ.હો.સોલા/કલીનીકલ એસ્ટાબ્લિસમેન્ટસ/
એકટ-૨૦૨૧/રજીસ્ટ્રેશન/ 2905 [illegible] /૨૦૨૬
મુખ્ય જિલ્લા તબીબી અધિકારી
સહ સીવીલ સર્જનશ્રીની કચેરી,
જનરલ હોસ્પીટલ, સોલા-અમદાવાદ
તા.૧૬/૦૨/૨૦૨૬

પ્રતિ,

૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત મેડીકલ કાઉન્સીલ, (એલોપેથી)
પ્રથમ માળ, જુની નર્સીંગ કોલેજ બિલ્ડીંગ,
એમ.પી. શાહ કેન્સર હોસ્પિટલની સામે, સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અસારવા, અમદાવાદ.

૨) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત આયુર્વેદિક & યુનાની કાઉન્સીલ,
પ્રથમ માળ, જુની નર્સીંગ કોલેજ બિલ્ડીંગ,
એમ.પી. શાહ કેન્સર હોસ્પિટલની સામે, સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અસારવા, અમદાવાદ.

૩) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત ડેન્ટલ કાઉન્સીલ,
પ્રથમ માળ, જુની નર્સીંગ કોલેજ બિલ્ડીંગ,
એમ.પી. શાહ કેન્સર હોસ્પિટલની સામે, સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અસારવા, અમદાવાદ.

૪) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હોમીયોપેથી કાઉન્સીલ,
પ્રથમ માળ, જુની નર્સીંગ કોલેજ બિલ્ડીંગ,
એમ.પી. શાહ કેન્સર હોસ્પિટલની સામે, સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અસારવા, અમદાવાદ.

વિષય :- કલીનીકલ એસ્ટાબ્લિસમેન્ટસ એકટ ( રજીસ્ટ્રેશન અને નિયમન ) અધિનિયમ ૨૦૨૧ હેઠળ ફરજીયાત રજીસ્ટ્રેશન કરાવવા બાબત.

શ્રીમાન,

જયભારત સહ જણાવવાનું કે, કલીનીકલ એસ્ટાબ્લિસમેન્ટસ એકટ-૨૦૨૧ અંતર્ગત જાહેર તથા ખાનગી તથા ટ્રસ્ટ સંચાલિત તબીબી સંસ્થાઓ જેવી કે, કલીનીક, હોસ્પિટલ, પ્રસુતિગૃહ, નર્સીંગ હોમ, ડીસ્પેન્સરી, લેબોરેટરી, એક્ષ – રે અને ઇમેજીંગ સેન્ટરોએ નોંધણી કરાવવી આવશ્યક છે. આ અધિનિયમ અંતર્ગત માન્યતા પ્રાપ્ત તમામ ચિકિત્સા પદ્ધતિઓ જેવી કે, એલોપેથી, આયુર્વેદ, હોમીયોપેથી, સિદ્ધ અને યુનાની સેવાઓ આપતી તબીબી સંસ્થાઓએ નોંધણી કરાવવી ફરજીયાત છે.

કલીનીકલ એસ્ટાબ્લિસમેન્ટસ એકટ – ૨૦૨૧ હેઠળ તાત્કાલિક https://clinicalestablishment.gipl.in વેબસાઇટ પર લોગીન કરીને રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. રજીસ્ટ્રેશન કરાવવાની છેલ્લી તા.૩૦/૦૪/૨૦૨૬ છે. પરંતુ આજદિન સુધી આપના તાબા હેઠળની ઘણી હોસ્પિટલોનું કામચલાઉ કે કાયમી રજીસ્ટ્રેશન કરાવેલ નથી.

કલીનીક્લ એસ્ટાબ્લિસમેન્ટસ એકટ – ૨૦૨૧ અંતર્ગત રજીસ્ટ્રેશન કરાવ્યા વગર કોઇપણ હોસ્પિટલ / કલીનીકનું સંચાલન / કાર્યરત રાખવું એ કાયદાની જોગવાઇ મુજબ દંડનીય અપરાધ છે અને કલીનીક્લ એસ્ટાબ્લિસમેન્ટસ એકટમાં સુચવ્યા મુજબની દંડનીય કાર્યવાહી થઇ શકે છે.

Gujarat Medical Council
No. GMC/ 31 499
Dt. 24/2/2026
Ahmedabad.
5

આપશ્રીના તાબા હેઠળ આવતી તમામ ચિકિત્સા સંસ્થાઓનાં દિન – ૧૦ માં સત્વરે રજીસ્ટ્રેશન કરાવવા આથી નોટિસ પાઠવવામાં આવે છે. વધુમાં આ અંગે આપને કોઇ પ્રશ્ન માટે નીચે જણાવેલ ઓફીસ ખાતે સંપર્ક કરી શકો છો.

- ઓફીસ એડ્રેસ :- " એ " બ્લોક, ત્રીજો માળ, ઓ.પી.ડી. બિલ્ડીંગ
  જી.એમ.ઇ.આર.એસ. મેડીકલ કોલેજ & હોસ્પિટલ, સોલા – અમદાવાદ.
- ઇ – મેઇલ આઇ.ડી. :- cdmo.health.ahmedabadsola@gmail.com

આપની વિશ્વાસુ

P. V. Soni

સભ્ય સચિવ

ડીસ્ટ્રીકટ રજીસ્ટ્રીંગ ઓથોરીટી અને

મુખ્ય જીલ્લા તબીબી અધિકારી સહ સીવીલ સર્જન

જનરલ હોસ્પિટલ, સોલા – અમદાવાદ.

<u>નકલ સવિનય રવાના :-</u>

૧) અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, બ્લોક નં. ૭/૭ નવા સચિવાલય, ગાંધીનગર.

૨) અધિક નિયામકશ્રી, તબીબી સેવાઓ, ૫/૧, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૩) વિભાગીય નાયબ નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ, મેન્ટલ હોસ્પિટલ, શાહીબાગ, અમદાવાદ.